## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

જૂથો છે પક્ષોમાં આવા ગીચડે કોણ પડે?
સૌ શોધે છે ઢાલ, આવા ખીચડે કોણ પડે?
- કોણ પડે ચાંચડ-પથારીમાં હાથે કરી?!
અને ખોટાં દબાણોમાં કીચડે કોણ પડે?
(શ્રી કલામે અનિચ્છા વ્યક્ત કરી)

### હાઈકુ

શ્રી કેશુબાપા
રોબોટો પાસે જઇ -
કરશે રાવ!
(ત્યાં તો છે બધા ચાવી દીધેલા)
અરણ્ય રૂદન

કરો પસંદ,
જે હોય ઓછો ઝેરી
ભોરીંગો માંથી..
(પક્ષોની મૂંઝવણ)

### ચિંતન

**જલબિંદુ નિપાતેન ક્રમશઃ પૂર્યતે ઘટઃ ।**
**સ હેતુઃ સર્વ વિદ્યાનાં ધર્મસ્ય ચ ધનસ્ય ચ ॥**

પાણીનું ટીપું-ટીપું પડવાથી ધીમે ધીમે ઘડો પૂરો ભરાઇ જાય છે, તેવી જ રીતે સઘળી વિદ્યા, અને ધનનો પણ એ જ હેતુ છે, અર્થાત વિદ્યા, ધન અને ધર્મ પણ ધીમે ધીમે જ પ્રાપ્ત થાય છે.

કેટલાક લોકોને કંઇ પણ મેળવવામાં અધીરતા-ઉતાવળ ખૂબ આવી જાય છે એમાં એમની અધૂરપ - આછકલાઇ છતી થાય છે. 'વડાપ્રધાન' થયા પહેલાં પક્ષ અને અન્ય સાથી કાર્યકર નેતાઓ પર પોતાની કડપ અને વ્યક્તિત્વનો જાદુ કે ધાક બેસાડવાનો પ્રયત્ન એ ઉતાવળ કહેવાય.

ટૂંકે રસ્તો, છેતરપીંડીથી, એકના બમણાં કરી લેવાની વૃત્તિ એ ધનિક થવાની ઉતાવળ કહેવાય.

વાંચ્યા વિના, 'ટકા' મેળવવાના વિદ્યાર્થી, વાલિ-શિક્ષકોના 'ઉચ્ચે દર્જે' પાસ થવાના ઉધમાત એ આવી ઉતાવળ કહેવાય.

થોડી સાધના કરી ન કરી અને બાપુ-બાબા થઇ બેસી જવું અને ભગવાન તરીકે 'પૂજાવવા' લાગવું એ સાધના-સિધ્ધિની ઉતાવળ છે.

**પુરૂષાર્થ અને પરિશ્રમના ધીમે ધીમે પ્રયાસથી જ સિધ્ધિ - ધ્યેય અને સફળતાના શિખરે પહોંચાય છે.**

### સુવિચાર

- વાણી દ્વારા કોઇને ઇજા પહોંચાડશો નહીં - **બુધ્ધ**
- વાણી દ્વારા વ્યક્તિનું ચારિત્ર્ય, સંસ્કાર અને જાતિ જાણી શકાય છે - **કબીર**
- વાણી જયારે નિષ્ફળ નિવડે છે ત્યારે ત્યાં મૌન કદાચ સફળ થઇ શકે- **શેક્સપિયર**
- સદ્‌વચન ક્યારે પણ અપ્રિય બનતું નથી - **ગાંધીજી**
- **વ્યક્તિનો પ્રથમ પરિચય કદાચ ચહેરાથી થતો હશે પણ એની સાચી ઓળખ તો એની વાણીથી જ થાય** - **રત્નસુંદર વિજયજી**
- વાણીનો ન્યૂનત્તમ ઉપયોગ કરી શાંતિનો મહત્તમ લાભ ઉઠાવો - **એરિસ્ટોટલ**
- વાણી રૂપી આભૂષણને કદાપિ ઘસારો લાગતો નથી - **ભર્તૃહરિ**

### બોધકથા

ઇશ્વરને અને ઇશ્વરની કૃપાની ઓળખવાની દૃષ્ટિ જોઇએ, કોઇ પ્રસંગમાં 'ઇશ્વરની કૃપા થઇ.' એ શ્રધ્ધા-વિશ્વાસ હોય તો ઇશ્વર તમને સતત સહાય કરતો હાજરાહજૂર દેખાય બાકી મેં કહ્યું, હું કરું છું મેં પ્રયત્ન કર્યો આવી ડંફાસ મારનારને ઇશ્વર કદી દેખાતો કે મદદ કરતો નથી.

આવા ડંફાસવીરના ગામમાં એકવાર મોટું પૂર આવ્યું. ચારેકોર પાણી-પાણી, પેલો ડંફાસવીર એક મંદિરની ધજા પકડી ટોચ પર ઊભો રહ્યો, હવે એને ભગવાન શિવમાં શ્રધ્ધા જન્મી હતી.

ત્યાં એક તરાપા પસાર થયો. તરાપાવાળાએ કહ્યું, બેસી જા - કયાંક બચી જશું! પેલાએ ના પાડી.

ત્યાં થોડીવારે હેલીકોપ્ટરમાંથી સીડી આવી કહ્યું, પકડી લે અને ઉપર આવી જા!

પેલો ન આવ્યો, કહ્યું મને મહાદેવ ભગવાન ખૂદ જ બચાવવા આવશે તો જ આવીશ!

અને પાણીનો ફોર્સ વધ્યો, ડંફાસવીર તણાઇ મરી ગયો, મહાદેવના ગણ તેને હિમાલય લઇ ગઇ, પેલાએ ફરિયાદ કરી ભગવાન તમે મને બચાવવા કેમ ન આવ્યા?

ભગવાન કહે, હું તરાપો લઇને, હોડી લઇને અને હેલિકોપ્ટર લઇને આવ્યો હતો પણ તારી પાસે મને ઓળખવાની દૃષ્ટિ જ કયાં છે?!

# 'મેઘદૂત' અદ્‌ભૂત કલ્પના સૃષ્ટિ અને ભૌગોલિક પ્રદેશોનું અને પ્રકૃતિનું વર્ણન ધરાવતું કાલિદાસનું શ્રેષ્ઠ કાવ્ય સર્જન છે

### પારિજાત
\- રેખા ભટ્ટ

**આષાઢસ્ય પ્રથમ દિવસે મેઘમાશ્લિષ્ટસાનું**
**વપ્રક્રીડા પરિણતગત પ્રેત્રણીયં દદર્શ ॥**

\- મેઘદૂત

(અષાઢના પ્રથમ દિવસે પર્વત ઉપર ઝળુબંતો, કાળા હાથી જેવો, મેઘ દેખાય છે.) અને મેઘને જોઈને રામગીરી પર્વત પર રહેતા શ્રાપિત યક્ષ, કે જેને પોતાની પત્નીનો વિયોગ સહેવો પડ્યો છે, પોતાની યક્ષિણીને સંદેશો મોકલવાનું મન થાય છે.

આશરે ૧૧૧ શ્લોકના આ કાવ્યમાં કવિ કાલિદાસે વિરહી નાયક - નાયિકાની કલ્પના કરી અદ્‌ભૂત કાવ્યની રચના કરી છે. મેઘદૂત મંદાક્રાન્તા છંદમાં રચાયેલું ભાવપૂર્ણ ખંડકાવ્ય છે. જેની કથા કંઈક આવી કહી શકાય કે...

ધનપતિ કુબેરની સેવામાં રોકાયેલો યક્ષ, શિવપૂજા માટે કમળ લાવવાનું સોંપવામાં આવતાં, વહેલી સવારે ઊઠીને તાજાં કમળ ન લાવતાં, આગલી રાત્રે કમળ લાવીને પૂજામાં મૂકી દે છે. સવારે કુબેરને શિવપૂજા કરી કમળ ચડાવતાં કમળમાં પુરાયેલાં ભમરો ડંખ મારે છે. આથી કુબેરને સમજાય છે કે આ કમળ તાજાં ખીલેલાં નહીં પણ વાસી છે. તેથી ગુસ્સે ભરાઈને કુબેર ફરજમાં આળસ કરવા માટે યક્ષને, એક વર્ષ માટે પત્નીથી દૂર રહી દેશવટો ભોગવવાની સજા કરતાં, યક્ષ દક્ષિણમાં રામગીરી પર્વત પર નિવાસ કરે છે. ત્યારે આકાશમાં છવાયેલાં મેઘને જોઈને, પોતાની પ્રિયતાતને સંદેશો મોકલવા મેઘને દૂત બનાવવાનો નિશ્ચય કરી લે છે. અને સર્જાય છે 'મેઘદૂત' કાવ્ય...

મેઘદૂત કાવ્યનું પૂર્વમેઘ એન ઉત્તરમેઘ - એમ બે ભાગમાં વિભાજન છે. પૂર્વમેઘમાં દક્ષિણના રામગીરી થી ઉત્તરના કૈલાસપર્વત પાસે આવેલી અલકા નગરી સુધી પહોંચવાનો રસ્તો મેઘને બતાવ્યો છે. જેમાં ભૌગોલિક પ્રદેશોનું વર્ણન છે અને રસ્તામાં આવતી નદીઓ જેવી કે રેવા, વેત્રવતી, સિંધુ, ચર્મણ્વતી (ચંબલ), સરસ્વતી, માન સરોવરનું વર્ણન છે.

ઉત્તર મેઘમાં અલકાનગરીનું રસપ્રદ વર્ણન છે યક્ષની વિરહિણી પ્રિયતમાનું વર્ણન છે. અને યક્ષે મોકલેલો સંદેશો - જેમાં યક્ષની પોતાની કુશળતાના સમાચાર અને વિરહી અવસ્થાની જાણ કરી છે. સાથે સાથે સંદેશા પહોંચાડી પોતાની પ્રિયાના સમાચાર લઈ ઝડપથી પાછા ફરવા મેઘને યક્ષ વિનંતી કરે છે અને મેઘનો તેની પ્રિયા વિજળીથી કયારેક વિયોગ ના થાય એવી શુભકામના સાથે વિદાય આપે છે.

'મેઘદૂત' અદ્‌ભૂત કલ્પના સૃષ્ટિ અને ભૌગોલિક પ્રદેશોનું અને પ્રકૃતિનું વર્ણન ધરાવતું કાલિદાસનું શ્રેષ્ટ કાવ્ય સર્જન છે. વિરહી યક્ષનો સંદેશો આ કાવ્યનું (થીમ) વિષય વસ્તુ છે. જેમાં વક્તા યક્ષ અને શ્રોતા મેઘ છે. મનુષ્ય અને પ્રકૃતિમાં એકતા અને સજીવતાની કલ્પના કરીને શબ્દોમાં જે મધુરતા ભરેલી છે તે, કાલિદાસને સંસ્કૃત કવિઓમાં શ્રેષ્ઠ બનાવી દે છે. અને તેથી જ મેઘદૂત આજે પણ શ્રેષ્ઠ કાવ્ય છે. જેના દેશમાં અને વિદેશમાં પણ અસંખ્ય અનુવાદો થયા છે.

આ કાવ્યનું એક જ ઉદાહરણ લઈએ તો, જેમાં મેઘની શોભા અને છટા માટેનું વર્ણન કરતાં કહેવાયું છે કે,

**રત્નચ્છાયા વ્યતિકર ઈવ પ્રેક્ષ્યમેતત્પુરસ્તાદ્**
**વલ્મીકાગ્રાત્પ્રજાવતિ ધનુષ્ણેંવણ્ડલસ્ય ।**
**યેન શ્યામં વપુરતિતરાં કાંતિમાપત્સયતે તે**
**બર્હેણેવ સ્ફૂરતિ રૂચિના ગોપવેશષસ્ય વિષ્ણોઃ ॥**

(રત્નછાયા જેવું ઈન્દ્રધનુષ ખીલ્યું છે તેથી તારા શામળો દેહ એવી આભા ધારણ કરશે, કે જેવી શોભા મયુરપિચ્છથી શોભતા કૃષ્ણના ગોપવેશની છે) - અર્થાત્ ગોપવેશમાં કૃષ્ણ મોરપિચ્છથી શોભે છે અને મેઘનો શામળો દેહ ઈન્દ્રધનુષની શોભાથી ખીલ્યો છે.

# કચેરીની સ્થિતિ એક આદર્શ રાજય સાથે સરખાવી શકાય તેવી થઇ રહી હતી, ચારે બાજુ ગાંધીવાદ અને અન્નાવાદ છવાઇ ગયો હતો

### નવાં ક્લેવર
\- નટવર હેડાઉ

એક મોટા અધિકારીએ કચેરીનો નવો નવો ચાર્જ સંભાળ્યો હતો. કચેરીના કર્મચારીઓ એ અધિકારીને અને અધિકારી કર્મચારીઓ તરફ એ રીતે તાકી રહેતા હતા જેમ સરકાર વિરોધપક્ષને અને વિરોધપક્ષ સરકારને જોતો હોય છે. બંને તરફ સ્તબ્ધતા અને ગૂંચવાડો હતો. એ વાતની ખબર પડતી ન હતી કે બધા મૌન કેમ છે. એવું મૌન છવાયેલું હતું કે તનાવ અનુભવાવા લાગ્યો. આમ તો આ કમાણીવાળી કચેરી હતી. જેથી આવા તનાવને કારણે દેશની પ્રગતિ અવરોધાવા લાગી. બાંધકામોની કોઈને એ.એસ. અને ટી.એસ. મળતી ન હતી. પટાવાળાથી લઈને મુખ્ય નાયબ ઈજનેર સુધીના અધિકારીઓ શંકાના ઘેરાવામાં ઘેરાઈ ગયા હતા. રૂશ્વતની બાકી રકમ અને તેની વહેંચણી સ્થગિત કરી દેવામાં આવી હતી. કચેરીની સ્થિતિ એક આદર્શ રાજય સાથે સરખાવી શકાય તેવી થઈ રહી હતી. ચારે બાજુ ગાંધીવાદ અને અન્નાવાદ છવાઈ ગયો હતો.

બધા કર્મચારીઓને એમ હતું કે નવા સાહેબ કંઈ બોલે. તેમનું પણ માપ નીકળે અને અમને પણ નાણી જુએ. પણ નવા અધિકારી પોતાના પત્તા ખોલવા તૈયાર ન હતા. ઓફીસમાં બધાને એમ લાગતું હતું કે જામે સમયનો પ્રવાહ થંભી ગયો છે. નદીઓ સુકાઈ ગઈ છે. તળાવમાં કીચડ સિવાય કંઈ નથી. ચારે બાજુ દુકાળ છે. ઓફિસના કર્મચારીઓ હવે ઉપવાસ રાખવા લાગ્યા છે. ચ્હા-નાસ્તો બધું બંધ છે. ઓફિસમાં મિતવ્યયિતાનું તાંડવ ચાલી રહ્યું છે. સેમિનારો અને મીટીંગો શુષ્ક લાગે છે. કચેરીમાં રહેલી બિલાડી ખોરાકની શોધમાં કયાંક જતી રહી છે. ઉંદરડાઓ પણ હારા થાકીને કયાંક છુપાઈ ગયા છે. કાગડા પાંખોને ખંજવાળે છે. પન્નાલાલ પટેલની નવલકથામાં વર્ણવાયેલ દુષ્કાળના ઓળા કચેરીમાં ઉતરી આવ્યા છે. તેવામાં અચાનક એક દિવસ આકાશમાં વાદળો જોવા મળ્યાં. સૂરજની જીવલેણ ગરમીથી થોડી રાહત મળી, કાગડાએ પોતાની પાંખો ખંજવાળી, ઘરની ઉપર ધુમાડો નીકળતો દેખાયો. ઓફિસનાં સ્ટાફની આંખોમાં ચમક જોવા મળી.

નવા સાહેબે જાહેર કર્યું કે, મને તો અહીં સજા રૂપે મુકવામાં આવ્યો છે. તેથી મને કોઈની પરવા નથી. આ વિસ્તારમાં એમ.પી. કે એમ.એલ.એ. અથવા તો વિભાગનાં મંત્રીની મને કંઈ પડી નથી. હું તો ટૂંક સમયમાં બદલી કરાવી લેવાનો છું. મને અહીં રહેવાની ઈચ્છા નથી.

અધિકારીનું મોં ખુલતાં જ ચારે તરફ આનંદ છવાઈ ગયો. ઉંદરડાઓ આમ તેમ ભાંગભાગ અને ધમાચકડી કરવા લાગ્યા. ઓફિસની બિલાડી ઉંદરોની પાછળ દોડવા લાગી. સાહેબ રહેવાના નથી. ટૂંક સમય માટે છે. આ સમાચાર જંગલની આગની જેમ ફેલાઈ ગયા. ઓફિસવાળાઓ એ પણ વિચાર્યું કે જે વ્યક્ત રહેવા નથી માંગતો તેને કમાણી નો ભાગ આપવાથી શું ફાયદો, ઓફિસમાં કામકાજ થવા લાગ્યું. ફાઈલો રાજધાની એકસપ્રેસની ઝડપે દોડવા લાગી. મોટા અધિકારીને બાદ કરતાં આખી ઓફિસમાં ખાયકી ચાલતી હતી. દરેક કર્મચારી મોટા અધિકારીને ઝુકીને સલામ કરતા હતા. મદદનીશ ઈજનેર તો ઍર ઈન્ડિયાના રાજાની જેમ સલામ કરતો હતો. મોટા સાહેબ રાત-દિવસ મીટીંગમાં વ્યસ્ત રહેતા હતા.

એક દિવસ મોટા અધિકારીને આત્મઃ પ્રેરણા થઈ કે આ બધું બરાબર ચાલતું લાગતું નથી. ઓફિસમાં એવાં એવાં ષડયંત્રો કરવામાં આપી રહ્યો છે. જેવાં મોટા ભાગે એકતા કપૂરની સીરીયલમાં અથવા રાજકારણમાં જોવા મળતાં હોય છે. તેની થોડી ઝલક કરાયેક તલાટીના રેકર્ડમાં જોવા મળતી હોય છે. એ સિવાય મળવી મુશ્કેલ છે. આ અધિકારીની બદલી થતી ન હતી. તેથી છેવટે તેણે માખીઓ મારવાનો પોતાનો કાર્યક્રમ સ્થગિત કરી એક દિવસ નાયબ ઈજનેરને બોલાવ્યા. પણ તેનાથી કોઈ ફાયદો થયો નહીં. મોટા સાહેબને કંઈ સમજાયું ન હતું. ત્યારે તેમના વૃધ્ધ ડ્રાઈવરે કહ્યું, 'સાહેબ માફ કરજો નાના મોઢે મોટી વાત કરું છું. સંવાદહીનતા તોડો, હવાની દિશા જો બદલી ના શકો તો પીઠ ફેરવીને તો જરા જુઓ.'

મોટા અધિકારીએ વૃધ્ધ ડ્રાઈવરની સલાહને માન આપ્યું. નાણાંકીય બાબતો અંગેની તમામ ફાઈલો તેમણે રોકી લીધી. હિસાબી અધિકારીને બોલાવીને પૂછ્યું, 'આ બધું શું ચાલી રહ્યું છે. આ કેવી સિસ્ટમ છે.' હિસાબી અધિકારીએ પહેલાં તો જરા માથું ખંજવાળ્યું પછી મોટા અધિકારીને આખી સિસ્ટમ સમજાવી અને કહ્યું કે સાહેબ આ સિસ્ટમથી ફક્ત આપણી કચેરી નહીં આખો દેશ ચાલી રહ્યો છે. જયારે સિસ્ટમનું પાલન થતું નથી તો બધે જ અવ્યવસ્થા ફેલાઈ જાય છે. મીડિયામાં કૌભાંડો બહાર આવે છે. એ.સી.બી. ના દરોડા પડે છે. ઓફિસ બદનામ થાય છે. આ સિસ્ટમમાં નવા નવા તુક્કા આપણા નીચેના અધિકારીઓ અજમાવતા હોય છે. અને તે દ્વારા સિસ્ટમને વલોણી માખણ તારવી લેતા હોય છે. તે માટે કેટલાક ખાસ સલાહકારોને પણ નીમવામાં આવે છે. આ સિસ્ટમને સુધારવા શું કરવું જોઈએ તે વિચારવામાં મોટા અધિકારી પ્લાનિંગ કરે છે. પણ અહીં તો આ સિસ્ટમ ભગવાનના સ્વરૂપ સમાન છે. તેથી જ કહેવતમાં કહ્યું છે કે 'આ દેશ ભગવાન ભરોસે ચાલી રહ્યો છે.' જે આ સિસ્ટમને સ્વીકારી લે છે તે મહાસુખ માણે છે. સિસ્ટમની સામે થનારાનું આવી જ બને છે. તેમાં મોટા અધિકારીઓ પણ કયારેક લાચાર બની જતા હોય છે. આ સિસ્ટમની સમજ દેશના બધા જ નાગરિકોમાં આવતી થઈ ગઈ છે. તેથી અન્નાનું આંદોલન નિષ્ફળ જઈ રહ્યું છે. એવા સંજોગોમાં પેલા મોટા અધિકારીઓ શું કરી શકે?

- vanvihari@gmail.com

# કદી નહી માણી હો એવી મોસમનો કોઈ કલરવ યાદ આવે એ પ્રેમ છે, દાઢી કરતાં જો નીકળે લોહી અને ત્યાં કોઈ પાલવ યાદ આવે એ પ્રેમ છે

### Hello ફ્રેન્ડસ!
\- સંજય થોરાત

મિત્રો જેમ માણસે માણસે સ્વભાવ બદલાય છે તેવી જ રીતે વ્યક્તિએ વ્યક્તિએ પ્રેમની વ્યાખ્યા, મૂલ્યો અને લક્ષણો બદલાય છે. પ્રેમ અને પ્રભુ એ બહુ સમાન છે, જેમ બંનેમાં આસ્થા હોય તો જ ફળ આપે એવું જ કંઈક. પ્રેમનું અસ્તિત્વ પ્રભુની જેમ જ પેદા કરવું પડે છે. આપણા ઘરનાં ખૂણામાં, ગોખલામાં જેમ ઈશ્વરનાં અદૃશ્યમાન અંશને પેદા કરીએ છીએ એવું જ કંઈક પ્રેમનુંછે. માત્ર નિઃસ્વાર્થ ભાવે ભક્તિ કરતાં જાવ તમારો ઈશ્વર એટલે કે તમારો પ્રેમ જરૂરથી મળશે એટલે કે પ્રેમ બરાબર ઈશ્વર!! સાચા પ્રેમની બે નાની લવ સ્ટોરી પ્રેમની ફળશ્રુતિ રૂપે રજૂ છે...

રવિવારની સવારનો નાસ્તો મમ્મી બનાવે એટલે એની નોકરી કરતી દીકરી પ્રાચીને ખૂબ આનંદ થાય. આખું અઠવાડિયું કામની સાથોસાથ નાસ્તો થતો હોય એટલે નાસ્તાનો આનંદ ઓછો ને ભેટભરણ જ વધુ એવો ઘાટ. મમ્મીએ બૂમ પાડી, 'પ્રાચી, નાસ્તો તૈયાર કર્યો છે, ડીશ તૈયાર કરીને લઈ આવે તો આપણે ત્રણેય સાથે નાસ્તો કરીએ. પ્રાચી ધોયેલાં વાળ ખંખેરતી રસોડામાં પહોંચી અને કઢાઈમાં જુવે તો ચોખ્ખા ઘી નો કાજુ દ્રાક્ષ ભભરાવેલો ગરમાગરમ શીરો તૈયાર હતો અને પ્રાચીને એનો પ્રિયતમ જયદીપની યાદ આવી ગઈ!!!

જયદીપને શીરો ખૂબ જ ભાવતો. એક દિવસ પ્રાચીએ નક્કી કર્યું કે જયદીપને જાતે શીરો બનાવી ખવડાવશે. પ્રાચીનું પ્રેમપ્રકરણ ઘર સુધી ન હોતું પહોંચ્યું એટલે સવારે ઓફિસ જતાં પહેલાં જ શિરો બનાવવો પડે. પ્રાચીએ દિવસે સવારે વહેલી ઉઠી અને મમ્મી જોડેથી શિરો શીખવા લાગી. મમ્મીએ કીધાં પ્રમાણેએ શિરો બનાવવાં લાગી. પ્રેમીના વિચારમાં અને ધૂનમાં ખાંડની જગ્યાએ મીઠું નાંખી દીધું અને શિરો ટેસ્ટ કર્યા વગર જ ઓફિસ ટપરવૅરનાં ડબ્બામાં પૅક કરી લઈ લીધો.

લંચ ટાઈમમાં બંને કૅન્ટીનનાં



ખૂણાના ટેબલે બેઠાં જયદીપે શિરાનો પ્રથમ કોળિયો મોંમા મુકતાં જ ખુશીથી ઝુમી ઉઠ્યો અને બોલ્યો, 'વાહ વાહ ક્યા બાત હૈ', આટલો મસ્ત શિરો મેં મારી જિંદગીમાં ક્યારેય ખાધો નથી. પ્રાચીએ એહોભાવથી એની સામે જોઈ પૂછ્યું 'મેં પહેલી વાર બનાવ્યો છે, ખરેખર ખૂબ જ ટેસ્ટી બન્યો છે.' ખરેખર ખુબ જ ટેસ્ટી બન્યો છે!! પ્રાચીએ કીધું લાવ મને પણ બે-ચાર ચમચી ખાવા દે. બનાવવાની ઉતાવળમાં મેં તો એને ટેસ્ટ પણ નથી કર્યો ...

જયદીપે કીધું, 'ના હો, તને નહીં મળે, આ ફકત મારા માટે જ છે, તારે નહી ખાવાનો, હું એકલો જ ખાઈશ. કહી ડબ્બો એના હાથમાં લઈ મોટા મોટા કોળીયા ગળવા માંડ્યો. પ્રાચીએ જીદ કરી ડબ્બો જયદીપનાં હાથમાંથી ખેંચી લીધો અને ટેસ્ટ કરતાં જ પ્રાચીનાં આંખમાંથી પાણી વહેવા લાગ્યું અને એ જયદીપને બોલી, 'કેમ કરીને ખાધો તે આટલો બધો ખારો શિરો?' જયદીપે પ્રાચીનાં બંને હાથ હાથમાં લઈ જોરથી દાબીને કહ્યું 'તારાં પ્રેમની મીઠાશ જ એટલી છે કે એમાં આ શિરાની ખારાશ તો ક્યાંય ઓગળી ગઈ!!' એટલે જ તો આ શિરો મીઠો લાગ્યો અને ખવાઈ ગયો...

બેઠક રૂમમાંથી પ્રાચીનાં મમ્મીનો સાદ સંભળાયો, 'અલી પ્રાચી શિરો લાવને જલ્દી, ઠંડો થઈ ગયો હશે, ખબર નહીં આ છોકરીનું મન ક્યાં ભટકતું હોય છે?' પ્રાચી પણ બબડતાં ડીશ તૈયાર કરવા લાગી, મમ્મી, તને કેવી રીતે કહું કે મારૂં મન કયાં ભટકતું હતું??

પ્રેમમાં આવું જ થતું હોય છે, કોઈક ભાન ભૂલે તો કોઈક જાણી જોઈને મીઠા ને મીઠાશમાં ફેરવે... બીજી કહાની...

આઈ.ટી. એન્જિનિયર થયેલો રાકેશ પટની કૉમ્પ્યુટરમાં નોકરી કરતો હોય છે. એમાં ય ડિપાર્ટમેન્ટમાં કામ કરતી રશ્મિના રૂપ અને ગુણથી આકર્ષાયેલા હોય છે, રાકેશ રશ્મિના પ્રેમમાં પડે છે, પ્રેમ એકતરફી હોય છે, રશ્મિને તો રાકેશનાં પ્રેમની ખબરેય હોતી નથી... રશ્મિની બહેનપણીઓએ બે-ચાર વાર રશ્મિને કહેલું ખરૂં કે રાકેશ તને ધારી ધારીને જોયો હોય છે, પણ રૂપાળી છોકરીને પુરૂષ ધારીને જુએ એટલે એ પ્રેમ થોડો કહેવાય કહી રશ્મિ બહેનપણીની વાતોને મજાક બનાવી દેતી!!

એક દિવસ કૅન્ટીનમાં રાકેશે હિંમત કરી રશ્મિને એની બહેનપણીઓની વચ્ચે જ પ્રપૉઝ કર્યું, 'તમે મને ખુબ ગમો છો અને હું તમારી સાથે લગન કરવાં માંગુ છું. જો તમારી ઈચ્છા હોય તો મારા માતાપિતાને તમારે ત્યાં માંગુ લઈને મોકલું, હું તમને અત્યંત પ્રેમ કરૂં છું.' રશ્મિ બે ઘડી મૂંઝાઈ ગઈ, સીધાં સાદાં પોશાક અને સ્વભાવ વાળા રાકેશને એણે રોકડું પરખાવ્યું કે, 'હું તો અમીર ખાનદાનની દીકરી છું અને તારે જેટલો પગાર છે ને એટલી તો મારી રોજની પૉકેટમની છે, તું કેમ કરીને મારો સંસાર ચલાવીશ?' એટલે હું તને પ્રેમ કરી શકું નહી. રાકેશ કશું બોલ્યા વગર ચાલ્યો જાય છે. પણ એનાં મનમાંથી રશ્મિ પ્રત્યનો પ્રેમ બરકરાર રહે છે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રેમ શબ્દમાં એવું તે આકર્ષણ છે કે, ભલભલાને ભૂલવે

### અમી વર્ષા
\- શિવશંકર દવે

### અષાઢસ્ય પ્રથમ દિવસે (અષાઢનો પ્રથમ દિવસ) મેઘદૂત - પ્રેમસંદેશ

પ્રકૃતિ હવામાન બદલાય તેની અસર સજીવ, પ્રાણીઓ, પશુ-પંખી, માનવ અને વનસ્પતિ પર પણ થાય.

ધોમધખતો જેઠ વિદાય થયો, ગરમીથી માનવ અને પ્રાણીઓ 'ત્રાહિમામ્' પોકારી ગયા. ત્યાં શીતળતાં અને 'પ્રેમ' સંદેશ લઈને અષાઢ માસ આવ્યો.

પ્રેમ અંગે કબીર સાહેબ કહે છે : ''ઢાઈ અક્ષર પ્રેમ કા'' પ્રેમ શબ્દના ૨ા (અઢી) અક્ષર ઘણું કામ કરે છે. જીવન મધુર બનાવે છે.

પરંતુ પ્રેમ કોની વચ્ચે? પ્રિયતમ અને પ્રિયતમા પર વધુ અસર થાય. ભક્ત અને ભગવાનનો પણ પ્રેમ. રાજા અને પ્રજાનો પણ પ્રેમ. પિતા અને પરિવારનો પ્રેમ.

પશુ-પક્ષી નરમાદાનો પણ પ્રેમ. પ્રેમ શબ્દમાં એવું તે આકર્ષણ છે કે, ભલભલાને ભૂલવે. કનૈયાલાલ મુન્શીની નવલકથામાં આવે છે કે, 'શુનિમ અન્વેતિ શ્વા' અષાઢ આવે એટલે એકાએક પરિવર્તન આવે. કૂતરી પાછળ કૂતરો જાય - દોડે, આ પણ તેમનો પ્રેમ છે.

આજે તો અષાજના પ્રથમ દિવસે આપણે ભારતના મહાન કવિ કાલિદાસના ''મેઘદૂતમ્'' કાવ્યનો રસાસ્વાદ માણીએ. અષાઢનો પ્રથમ દિવસ ઉજવીએ, વિરહી પ્રેમીની શું દશા છે તેનો અભ્યાસ કરીએ.

દેવોની સેવા દેવ, યક્ષ અને માનવ કરે છે.

આવો યક્ષ કુબેરની સેવા કરતો પણ પ્રિયતા સાથે હતી, જેથી વિલાસમાં - પ્રિયતમા સાથેની મધુર શૃંગાર ભરી ક્ષણો માણવા સવારને બદલે સાંજે ફૂલો લાવી રાખ્યા. કુબેરને ફૂલોથી ખબર પડીને યક્ષને શાપ આપ્યો કે, તું તારી પ્રિયતમાને કારણે પ્રમાદી બન્યો જેથી, એક વર્ષ માટે પૃથ્વી પર જા.

યક્ષ પૃથ્વી પર આવ્યો. આઠ માસમાં કોઈ તકલીફ ન પડી પણ અષાઢ આવ્યો એટલે પ્રિયતમા યાદ આવી. આકાશમાં ઉપર જુએ છે. મેઘ (વાદળ) સડસડાટ આકાશમાં અષાઢમાં દોડમદોડ કરે છે (આપણને તો ઊંચું જોવાનો સમય જ કયાં છે?) જેથી મેઘ દેખાય.

મેઘને દૂત બનાવી પ્રિયતમાને અલકાપુરીમાં સંદેશો મોકલે છે. પ્રિયતમાની ઓળખ આપે છે. અલકાપુરીનો માર્ગ બતાવે છે. રામગીરી પર્વતની ટેકરી પર બનાવેલા આશ્રમમાંથી સંદેસ આવે છે.

**આષાઢસ્ય પ્રથમ દિવસે મેઘમાશ્લિષ્ટસાનું**
**વપ્રક્રીડા પરિણતગત પ્રેત્રણીયં દદર્શ ॥**

પ્રિયાથી વિખૂટા પડેલા યક્ષે સંદેશ માટે મેઘદૂતને પ્રસંદ કર્યો છે કારણ કે, કાળથી પીડિત લોકો (વિરહી) જડ-ચેતન પદાર્થોનો ભાવ ભૂલી જાય છે. મેઘને કહે છે કે -

'હે, મેઘ, તું પાપથી પીડાયેલાની રક્ષા કરવા વાળો છે. હું કુબેરનાં શાપથી પ્રિયા વિરહ અનુભવું છું. તું મારો સંદેશ મારી પ્રિતા પાસે લઈ જા.'

ત્યાં યક્ષની અલકા નગરી છે. ત્યાં મહેલની બહાર ઉદ્યાનમાં રહેલા મહાદેવ છે. તમારા જવાથી મારી વિરહી પત્ની તમને દેખાશે. હે મેઘનું અવધિમાં મારે સંદેશ આપજે. તે વિરહને કારણે ગરમ આસુંઓ પાડતી હશે. પત્ની પ્રિયતમા શું કરતી હશે તેનો વિચાર પણ યક્ષે કરી દીધો છે.

હે મેઘ,પહેલાં હું તને અલકાપુરીનો માર્ગ બતાવું. (કવિ કાલિદાસે આ રીતે ભારતની ધરતી અને પ્રકૃતિનું વર્ણન કરી બતાવ્યું છે. આ અંગે આપણે પુસ્તક વાંચવું આવશ્યક છે. સમગ્ર પ્રકૃતિનું સુંદર વર્ણન કાલિદાસે કર્યું છે. રસ્તામાં જતાં - હે મેઘ, ત્યાં 'વિદિશા' વિશ્રામ માટેનું સ્થળ આવશે ત્યાં પુષ્પથી ભરપૂર સુવાસ - અને વેશ્યાઓ રતિક્રિડા કરતી હશે. ત્યાં ક્ષણભર વિશ્રામ કરજો.

ઉત્તર દિશામાં ઉજયયિની મહેલો દેખાશે. ઉજજૈનના રાજાની પુત્રી 'વાસવદત્તા' ઉદયસેને અપહરણ કર્યું હતું.

પછી અલકાપુરીનું વર્ણન કરે છે, પોતાની પત્ની કેવી હશે તેનું વર્ણન કરતાં જણાવે છે કે, 'દુબળી, પાતળી, પતલી કમર, ભયભીય હરણી સમાન, ઉંડા નાભી વાળી, નિતંબના ભારથી મન્દગતિએ ચાલનારી, સ્તનોથી ઝૂકેલી હશે તે મારી પત્ની સમજી લેજે. મારા વિરહમાં તે રડતી ઓરડામાં બેઠી હશે.'

મારી પત્ની તારું સન્માન કરશે. મારો સંદેશ તે આનંદથી સાંભળશે. ''સુખ-દુઃખ બધાએ ભોગવવાનું હોય છે, માટે પ્રિયા તું ચિંતા કરીશ નહીં, ચાર મહિના આંખો મીંચીને વિતાવો હું ચાર માસમાં તારી પારે આવી જઈશ.'' તું શાન્તિથી મારે સંદશ આપજે.

(અનુસંધાન પાના નં. ૬ પર)


### આજના દિવસનો મહિમા
\- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૦મી જૂન**

- 'કિલોસ્કર' કારખાનાઓના સ્થાપક લક્ષ્મણરાવ કારીનાથ કિલોસ્કરની જન્મ જયંતિ ૨૦-૬-૧૮૬૯.

તુંગભદ્રા મૂળા-મૂછા નદીનાં કાંઠા વિસ્તારોમાં ખેતીના વિવિધ પ્રયોગો કરાવનાર આ મહાન ઉદ્યોગપતિ ૨૭-૯-૧૯૫૬માં અવસાન પામ્યા.

- ૧૯૦૨ રતલનું



વજન ધરાવતો દુનિયાનો સૌથી મોટો કાચબો ૨૦મી જૂન ૧૯૦૭ ના રોજ અમેરિકાના પશ્ચિમ કાંઠાથી પકડવામાં આવ્યો.

- પેટલાદથી - તારાપોર સુધીની રેલ્વે લાઇનની શરૂઆત.
- મહારાણી વિક્ટોરિયા ૧૮ વર્ષની વયે ૧૮૩૭માં ઇંગ્લેન્ડમાં



ગાદીએ બેઠાં.

- S.N.D.T યુનિ. - મહિલાઓ માટેની ભારતની પહેલી યુનિ.ની ૧૯૧૫માં પૂનામાં સ્થાપના થઇ.